

# એડવર્ડ

**– યશવંત મહેતા**

મોટું મકાન છે. જાણે કોઈ રાજવીનો મહેલ છે.

મકાનને ત્રણ તો માળ છે. કોડીબંધ ઓરડા છે. ઓરડે ઓરડે મોંઘાં રાચરચીલાં છે. રેશમના પડદા છે અને રૂપાનાં ઝુમ્મર છે.

નોકરચાકરનો પાર નથી. ભર્યુંભાદર્યું ઘર છે.

ઘરના માલિક મોટા શેઠ છે. દેશ–પરદેશમાં એમની પેઢીઓ છે. સાત સમંદર પાર એમનાં વહાણો ચાલે છે. સાહ્યબીનો પાર નથી.

શેઠનું કુટુંબ ઘણું મોટું છે. એમને એકવીસ તો સંતાન છે ! બધાં સંતાનોનાં આગવાં દાસદાસી છે. આગવાં ઘોડા અને ગાડીઓ છે.

પણ પછી દિ’ ફર્યો. દશા બદલાઈ. વેપારમાં એક ડગલું ખોટું ભરાઈ ગયું. શેઠનો વેપાર ડૂલ થઈ ગયો. એ પાયમાલ થઈ ગયા અને દેવાળું ફૂંકવાનો વખત આવ્યો.

શેઠની ઉંમર એ વખતે મોટી. થોડા વખત પછી જ એમનું અવસાન થયું અને એમની પાયમાલીનો સૌથી ભારે ફટકો એમનાં બાળકો પર પડયો. બધાં સુખસાહેબીમાં ઊછરેલાં અને હવે રસ્તાના ભિખારી બની ગયાં !

એમાં સૌથી નાનો એકવીસમો દીકરો તો એ વખતે માત્ર તેર વરસની ઉંમરનો હતો. એને હવે ખાવાપીવાના પણ સાંસા પડવા લાગ્યા. પછી ભણવા–ગણવાની તો વાત જ ક્યાં રહી ? એનો તો કોઈ સહારો ન રહ્યો.

આવી વિકટ પરિસ્થિતિમાં આવી પડનાર આ બાળકનું નામ હતું એડવર્ડ લીઅર. ૧૮૧૨ની સાલમાં ઇંગ્લૅન્ડમાં લંડન શહેર પાસે હાઈગેટ ગામે એ જન્મ્યો હતો અને મોટો થઈને જગત આખામાં ‘મૂરખ કવિતાઓ’ (નોનસેન્સ વર્ઝ) નામે કવિતાઓ લખવાનો હતો.

તમે થોડુંઘણુંય અંગ્રેજી ભણ્યા હશો તો ઘુવડ અને બિલ્લીની કવિતા તો ચોક્કસ વાંચી હશે. કવિતા કંઈક આમ છે :

ઘુવડભાઈ ને બિલ્લીબેની
ગયાં સાગરી સફરે,
પોપટિયા રંગે રંગેલી
હોડીમાં બેસીને;
સાથે લીધું મધ થોડું,
ન પૈસા લીધા વધારે,
પાંચ રૂપિયાની નોટોમાં
સિક્કાઓ બાંધીને.

બધી વાતો મૂરખ ! ઘુવડ અને બિલ્લીને કદી બને નહિ. એ કદી દરિયાની સફરે જાય નહિ. હોડી કદી પોપટ રંગની હોય નહિ. સફરમાં કોઈ મધ લઈ જાય નહિ. દરિયે જતાં પૈસાની જરૂર નહિ. અને પૈસાનું પડીકું બાંધવા માટે કોઈ પાંચ રૂપિયાની નોટો વાપરે નહિ. કેવી હસવા જેવી વાત !

આવી તો ગાંડી–ગાંડી હસવા જેવી ઘણી કવિતાઓ એડવર્ડભાઈએ લખી છે. એથી એ જગમશહૂર બની ગયા છે.

તેર વરસની ઉંમરે અનાથ અને નિરાધાર બની ગયેલા એડવર્ડભાઈ આવા મશહૂર શી રીતે બન્યા ? એની પણ સમજવા જેવી અને જીવનમાં ઉતારવા જેવી વાત છે.

એડવર્ડભાઈ સાવ અનાથ બની ગયા એટલે અહીંતહીં આથડવા લાગ્યા. એમની આ દશા જોઈને મોટી બહેન એનને ભાઈ પર દયા આવી. એ પરણેલી હતી. એથી પતિની મંજૂરી વિના તો ભાઈને ઘેર લવાય નહિ.

એણે પોતાના પતિને પૂછ્યું : ‘ભાઈ એડવર્ડને આપણે ઘેર લઈ આવું ?’

પતિ કહે, 'લઈ આવવાની તો મારી ના નથી, પણ આપણે ત્યાં એને ભણાવવા ગણાવવાના પૈસા ક્યાંથી કાઢીશું ? આપણે કાંઈ બહુ પૈસાદાર નથી.'

એન કહે : 'હું એને ઘેર ભણાવીશ અને કશોક એવો ધંધો શીખવી દઈશ કે થોડા વખતમાં તો એ કમાતો થઈ જશે.'

પતિ કહે : 'તો ભલે જાવ, એને લઈ આવ.'

આમ, એડવર્ડભાઈ મોટી બહેનને ઘેર આવ્યા. પણ પહેલે જ દિવસે મોટી બહેને કહી દીધું : 'એડવર્ડ ! તું કશુંક એવું શીખવા માંડ કે જેથી જલદી કમાણી શરૂ થઈ જાય.'

એડવર્ડભાઈ મૂંઝાયા . શું શીખવું ?

એમણે પહેલાં તો સંગીત શીખવા માંડયું. એમાં હાથ પણ બેસી ગયો. પરંતુ એ દિવસોમાં સંગીતના જાણકારો અનેક હતા. એથી એ ધંધામાં કશી ઝાઝી કમાણી થાય એમ નહોતી.

એડવર્ડભાઈ કલ્પનાશીલ હતા. એમણે કવિતાઓ રચવા માંડી, પણ એમાંથી ય પેટપૂરતી કમાણી થાય એવું લાગ્યું નહિ.

આખરે એમણે કાગળ અને રંગની પીંછીઓ ઉપાડી. ખૂબ ધ્યાનથી ચિત્રો દોરવા લાગ્યા.

કોઈ બીજો ચિત્રકાર હોત તો ભપકાદાર ચિત્રો દોરત. પણ એડવર્ડભાઈ ગરીબીમાં અને પૈસા કમાવાની જરૂરિયાતમાં ખૂબ ચીવટવાળા બની ગયા હતા. એ જે કાંઈ ચીતરતા એ ખૂબ સ્પષ્ટ અને આબેહૂબ ચીતરતા. એમણે ફૂલો અને પંખીઓ દોરવાની શરૂઆત કરી. એટલી ઝીણવટથી આબેહૂબ ચિત્રો દોરવા માંડયાં કે સૌ જોઈને છક થઈ જાય.

આવી ચીવટને કારણે જ એડવર્ડભાઈને ચિત્રો દોરવાના ધંધામાં સફળતા મળી. એમનાં આબેહૂબ ચિત્રો જોઈને લંડનના પ્રાણીસંગ્રહસ્થાનના વડાએ પોતાને ત્યાં રખાયેલા જાતજાતના પોપટોનાં રંગીન ચિત્રો દોરવાનું કામ એમને સોંપ્યું.

અને એ પછી તો એડવર્ડભાઈનો સિતારો ચમક્યો. એમને લંડનના ઘણા મોટા મોટા માણસોની ઓળખાણ થઈ. અનેક લોકો એમને પોતાને ઘેર ચિત્રો દોરવા માટે બોલાવવા લાગ્યા. જે જમાનામાં ફોટોગ્રાફીની શોધ નહોતી, આથી લોકો પોતાનાં અને સ્નેહીઓનાં આબેહૂબ ચિત્રો દોરાવીને ઘરમાં ટાંગતા. આથી ચિત્રકારની માંગ બહુ રહેતી. પણ એડવર્ડને લંડનમાં રહેવું ગમે નહિ. મોટા પૈસાદાર માણસોને ઘેર જવું ગમે નહિ. પૈસાદારને ઘેર જાય એટલે પોતાનું બાળપણ યાદ આવે અને એ દુઃખી થઈ જાય.

એમના આ દુઃખમાંથી બાળકો તરફની અને ગરીબો તરફની એમની  અપાર કરુણા અને દયાનો જન્મ થયો. એ બાળકો માટે મજા પડે એવાં ચિત્રો મફત દોરવા લાગ્યા અને હસવું આવે એવી મૂરખ કવિતાઓ રચવા લાગ્યા.

રોટલો રળી લેવા માટે ચિત્રો દોરતાં, પણ બાકીનો બધો વખત બાળકોને આનંદ કરાવવામાં ગાળતા.

વચ્ચે વચ્ચે વિદેશોમાં પણ જઈ આવતા અને ત્યાંના બાળકોને પણ ખુશ કરી દેતા. એક વખત આપણા દેશ ભારતમાં પણ આવેલા.

થોડાં વરસોમાં તો એડવર્ડભાઈ બાળકોમાં બહુ જાણીતા થઈ ગયા અને જે બાળકો મોટાં થઈ ગયાં હતાં તેઓ પણ એમને માન આપતાં થઈ ગયાં હતાં. એક વાર તો એ પરદેશથી પાછા ઈંગ્લૅન્ડ આવ્યા ત્યારે ‘અમારે ઘેર આવજો’ એવા ૬૮ સંદેશા એમને લંડનના બંદર ઉપર જ મળ્યા હતા !

એડવર્ડભાઈને બચપણ બહુ સાંભરતું. એથી એ ઉદાસ થઈ જતા અને પોતાને કદાચ બાળકો થાય અને એય દુઃખી થઈ જાય એવા ડરથી કદી પરણ્યા જ નહોતા !

આવા હતા એડવર્ડ લીઅર. એમની ‘મૂરખ કવિતા’—‘નોનસેન્સ વર્ઝ’ જરૂર વાંચજો.